NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**સમયમર્યાદા/ખાસ અગત્યનું**

## પરિપત્ર

**સને ૨૦૨૫-૨૬ ના નાણાંકિય વર્ષના આવકવેરાનું પ્રપોઝડ ડિક્લેરેશન ફોર્મ રજુ કરવા તેમજ આવકવેરા કાયદા હેઠળ Old Regime અને New Regime નાં વિકલ્પો માંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરી કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરાવવા બાબત.**

આથી અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ અને પેન્શનરશ્રીઓ ને જણાવવાનું કે, **સને ૨૦૨૫-૨૬ના નાણાંકીય વર્ષના** આવકવેરાની ગણતરી કરી માહે **માર્ચ પેઈડ ઇન એપ્રિલ-૨૦૨૫** ના પગાર બીલમાં જરૂરી આધારો સાથે **આવકવેરાનું પ્રપોઝડ ડિક્લેરેશન ફોર્મ** દરેક અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓએ કચેરી મારફત તેમજ પેન્શનરશ્રીઓએ તિજોરી શાખાને રજૂ કરવાનું થાય છે. જે બાબતનો પરફોર્મા **(એક્સેલ ફાઈલ)** તમામ કચેરીઓને તેમજ તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને ઇમેલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે, જે એક્સેલ ફાઈલ આ સાથે પણ સામેલ છે. તો તે મુજબ કાર્યવાહી કરવા સર્વેને જણાવવામાં આવે છે. સદર બાબતે **સને ૨૦૨૫-૨૬**ના નાણાંકીય વર્ષમાં પગારની ગણતરીમાં **વાર્ષિક ઈજાફો** તેમજ **જુલાઈ-૨૦૨૫** માં અંદાજીત મોઘવારી ભથ્થું **૫૯ ટકા** અને **જાન્યુઆરી-૨૦૨૬** માં અંદાજીત મોઘવારી ભથ્થું **૬૨ ટકા** ગણતરીમાં લેવાનું રહેશે.

આગામી **નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬** માં આવકવેરા કાયદા હેઠળ **Old Regime** અને **New Regime** એમ બે વિકલ્પો માંથી દરેક કર્મચારીશ્રીઓ અને પેન્શનરશ્રીઓ દ્વારા કોઈપણ એક વિકલ્પ પસંદ કરી કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરાવવાની રહે છે. **જે વિકલ્પ લેખિતમાં તા. ૧૫/૦૩/૨૦૨૫ સુધીમાં જે તે કચેરીને આપવાનો રહેશે (ફોરમેટ સામેલ)**. જે કર્મચારીશ્રી અને પેન્શનરશ્રી દ્વારા વિકલ્પ આપવામાં ન આવે, તે કર્મચારીશ્રી અને પેન્શનરશ્રી **New Regime નો વિકલ્પ સ્વીકારવા માંગે છે** તેમ માનીને આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર આવક પર આવકવેરાની કપાત જે તે કચેરી એ કરી લેવાની રહેશે.

**નોંધ:** સામેલ પરફોર્મા (એક્સેલ ફાઈલ) કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ Union Budget-2025 ના આધારે તૈયાર કરેલ છે. જેમાં કોઈ ફેરફાર થશે, તો સર્વેને ફરી જાણ કરવામાં આવશે.

**સામેલ:-** ઉપર મુજબ.

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૧૦૦/૨૦૨૫**
**નવસારી, તા. ૦૬/૦૩/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ જયભારત સાથ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૨) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના નાણા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ ઉપર મુજબ અમલવારી થવા સારૂ તેમજ આ અંગેના આધાર-પુરાવા માહે માર્ચ-૨૦૨૫ ના પગાર બીલ સાથે રજુ કરવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

(૧) આ યુનિવર્સિટીના વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, તરફ જાણ તથા ઘટતું થવા સારૂ તેમજ આ અંગેના આધાર-પુરાવા માહે માર્ચ-૨૦૨૫ ના પેન્શન બીલ સાથે રજુ કરવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**પ્રેષક(કર્મચારી/ પેન્શનર):**

**___________________**

**___________________**

**___________________**

**તા. __/૦૩/૨૦૨૫.**

**પ્રતિ,**

**નાણા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રી/ વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી,**

**__________________,**

**__________________,**

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.**

**વિષય:** આવકવેરા કાયદા હેઠળ **New / Old Regime** મુજબનો વિકલ્પ પસંદ કરી કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરાવવા બાબત.

---

**સંદર્ભ:** હિસાબ નિયામકશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/વહટ/૧૧૦૦/૨૦૨૫, તા.૦૬/૦૩/૨૦૨૫.

---

સવિનય ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હું ________________ હોદ્દો: _______________ પાન નંબર: _______________ ડીડીઓ નંબર: ______ કર્મચારી/પીપીઓ નંબર:__________ મારી આવનાર નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં કરપાત્ર આવક પર આવકવેરા કાયદા હેઠળ _______ **Regime** મુજબનો વિકલ્પ પસંદ કરી આવકવેરાની કપાત કરાવવા ઈચ્છું છુ તેમજ દર માસના મારા પગાર/ પેન્શન માંથી ₹_________ આવકવેરાની કપાત કરાવવા ઈચ્છું છુ. જેની હું **બાંહેધરી** આપું છુ.

---

**કર્મચારી/ પેન્શનરની સહી**

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.